# કુલસચિવની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

વંચાણે લીધેલ:- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરનુ તા.૧૪.૧૧. ૨૦૨૪ નું જાહેરનામું

## દિવાળીની રજાઓ જાહેર કરવા અંગે

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૪.૧૧.૨૦૨૪ના જાહેરનામા મુજબ આગામી તા.૨૦/૧૦/૨૦૨૫ સોમવારના રોજ દિવાળી અને તા.૨૨/૧૦/૨૦૨૫ બુધવારના રોજ નૂતન વર્ષની રજા તેમજ તા.૨૩/૧૦/૨૦૨૫ના ગુરૂવારના રોજ ભાઇબીજની રજાઓ જાહેર કરેલ છે, અત્રેની યુનિવર્સિટીઓના અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને વેકેશનની જોગવાઇ ન હોઇ જેના અનુસંધાને યુનિવર્સિટીના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દિવાળીનો પર્વ પરિવાર સાથે આનંદ ઉલ્લાસથી ઉજવે અને વતનમાં જઇ શકે તેવા શુભ આશયથી દિવાળીના પર્વ દરમ્યાન માન.કુલપતિશ્રી દ્વારા અન્ય જાહેર રજા ભરવાની શરતે નીચેની વિગતે રજા જાહેર કરવામાં આવે છે.

| જાહેર કરવામાં આવતી રજાઓની તારીખ | જાહેર કરેલ રજાઓના બદલામાં ભરવાની થતી રજાઓની તારીખ |
|---|---|
| તા.૨૧/૧૦/૨૦૨૫ મંગળવાર | તા.૦૮/૧૧/૨૦૨૫ (બીજો શનિવાર) |
| તા.૨૪/૧૦/૨૦૨૫ શુક્રવાર | તા.૨૨/૧૧/૨૦૨૫ (ચોથો શનિવાર) |

દિવાળીની રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા તા.૨૧/૧૦/૨૦૨૫ મંગળવાર અથવા તા.૨૪/૧૦/૨૦૨૫ શુક્રવારની રજાના બદલામાં કોઇ પણ એક રજા જાહેર કરવામાં આવેતો તા.૦૮/૧૧/૨૦૨૪ બીજા શનિવારના રોજ તમામ કચેરીઓ ચાલુ રાખવાની રહેશે અને તા.૨૨/૧૧/૨૦૨૫ ચોથા શનિવારના રોજ રજા ગણવાની રહેશે.

ઉપરોકત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ/લેબોરેટરી તથા અગત્યની આવશ્યક સેવાઓની કામગીરીને કોઇ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ/કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરીના વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે. રજાના દિવસો દરમ્યાન કરવામાં આવેલ આયોજન અંગેની જાણ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને કરવાની રહેશે.

સદર પરિપત્ર અત્રેની શાખાની નોંધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/દિવાળી રજા/અ-૩-૨/૮૪૨૬-૮૦ /૨૦૨૫
નવસારી. તારીખ:૩૦/૦૯/૨૦૨૫

(સહી)
કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) સેકશન અધિકારીશ્રી,(ક.૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારુ.
(૨)માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ/જુનાગઢ/સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારુ.
(૩) કુલસચિવશ્રી, આણંદ/જુનાગઢ/સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારુ.
(૪) સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, સેકટર-૧૦-એ કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારુ.
(૫) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૬) નવસારી કેન્દ્રના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૭) અત્રની યુનિવર્સિટીના તમામ મંડળોના હોદેદારો તરફ જાણ થવા સારુ.

**નકલ રવાના:-** સીકયુરીટી ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ થવા સારુ.